# <u>: એગ્રીગેટર (ઓનલાઈન ડીલર) બનવા માટેની શરતો :</u>

(1) જી.એ.આઇ.સી. એગ્રીગેટર (ઓનલાઈન ડીલર)ના તાલુકા સેન્ટર સુધી માલ પહોંચાડે ત્યાંથી એગ્રીગેટ રે ઓનલાઈન રજીસ્ટર મેમ્બર સુધી પહોંચાડવાનો રહેશે.

(2) એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) એ જી.એ.આઇ.સી. ને માલની ડીલીવરી સામે મળેલ પેમેન્ટ દિવસ ૨ માં બેંક ખાતામાં જમા કરી આપવાનું રહેશે.

(3) ઓનલાઈન રજીસ્ટર મેમ્બર પાસેથી માલની ડિલીવરી પ્રમાણે પેમેન્ટ લેવાની જવાબદારી એગ્રીગેટરની રહેશે.

(4) ઈન્ટરવ્યૂમાં પસંદગી ન થનાર એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) તેમજ જે એગ્રીગેટરને પ્રોપરાઇટ/પેઢી/સંસ્થા નિગમ દ્વારા તેમની પસંદગીનું સ્થળ ફાળવેલ ન હોય તેવા એગ્રીગેટરને રૂ. ૩,૦૦,૦૦૦/- પરત કરવામાં આવશે , પરંતુ જે પ્રોપરાઇટ/પેઢી/સંસ્થા એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ને પસંદગી પત્ર આપેલ હશે તેઓ ની ડિપોઝીટ રકમ રૂ. ૩,૦૦,૦૦૦/- રાખવામાં આવશે.

(5) હું સંપૂર્ણપણે વાકેફ છું કે, નિગમની એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) બનવાની યોજના અમલમાં મૂકવાનો ધ્યેય ગુજરાત રાજ્યના ગ્રામ્ય લોકો, સેમી અર્બન લોકો અને ખેડૂત સમાજને અત્યંત આવશ્યક એવા કૃષિ જરૂરિયાતો, સાધન-સામગ્રી (એગ્રી ઈનપુટ્સ) અને જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમના ઘર આંગણે ઉપલબ્ધ થવામાં જે પણ મુશ્કેલી અનુભવાય છે તેનું નિવારણ કરવું. આ માટે નિગમે રાજ્યના વિવિધ સ્થળોએ એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) બનવા ની યોજના મુકેલ છે અને તે ઉદેશ પ્રમાણે સમયસર કિફાયત ભાવે અને સારી ગુણવત્તાવાળી મળી રહે તે ઉદ્દેશને બર લાવવા હું સન્નિષ્ઠ પ્રયાસ કરીશ.

(6) હું સંપૂર્ણપણે માહિતગાર છું અને સહમત છું કે, નિગમ દ્વારા ઉત્પાદિત તથા વિતરીત રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, કૃષિલક્ષી સાધન-સામગ્રી જેવી કે, ટ્રેક્ટરો, પાવરટીલરો, ઓજારો, ટ્રેઈલર, ટેન્કર, ખેતીવાડી ખાતા દ્વારા માન્ય સુધારેલ હાથ/પશુ/માનવ સંચાલિત ખેત ઓજારો, ડ્રીપ/સ્પ્રિંક્લર વગેરે સિંચાઈ સાધનો, ઑઈલ એન્જીનો, પંપ સેટ, સરકારશ્રીની વિવિધ યોજનાકીય કૃષિ સાધન-સામગ્રી તથા જણસીઓ, ટાયર-ટ્યુબ, અનાજ સંગ્રહ કરવાની કોઠીઓ અને જીવન જરૂરિયાતની વસ્તુઓ વગેરેનો ધંધો તેમજ નિગમની સૂચિત પ્રવૃત્તિઓનો ધંધો કરવો ફરજીયાત છે. એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) બનવા (ઓ.એ.બી.એસ.)નો મુખ્ય ઉદ્દેશ રાસાયણિક ખાતરો ઉપરાંત સેન્દ્રિય ખાતરો, બાયો ફર્ટીલાઇઝર્સ, બાયો પેસ્ટીસાઈડ્ઝ વગેરે જેવી નૉન ફર્ટીલાઈઝર સાધનસામગ્રીનું વેચાણ કરવાનો પણ છે. જેના કારણે એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) આર્થિક વ્યવસાય રીતે પોષણક્ષમ બની રહે. ઉપરોકત બાબતે તેમજ તમામ પ્રકારના રાસાયણિક ખાતર તથા નૉન-ફર્ટીલાઈઝર મેળવવાની પાત્રતા બાબતે તેમજ તમામ ધંધાકીય, સેવાકીય, નિગમ સૂચિત પ્રવૃત્તિ આધિન નિગમ ઓનલાઇન બિઝનેસ એગ્રીગેટર બનવા અંગેના તેના કોઈપણ/દરેક નીતિ-નિયમો, ધારા-ધોરણો, શરતો વગેરે તમામમાં ધારે ત્યારે સુધારો/વધારો/ઉમેરો/ઘટાડો કરી શકશે જે મને બંધનકર્તા રહેશે. આ ઉપરાંત વખતોવખત નિગમ આ કરારની હયાતિ દરમ્યાન આ પૉલીસીમાં જે કંઈ પણ ફેરફાર કરશે તે મને બંધનકર્તા રહેશે. વધુમાં ફર્ટીલાઈઝર તેમજ અન્ય વસ્તુઓના લક્ષ્યાંકો સિધ્ધ કરવાની હું ખાતરી આપું છું. તે સંજોગોમાં ટ્રેડ ડીપોઝીટ પેટેની નિગમ ખાતે મારી જમા રકમ રૂા. ૩,૦૦,૦૦૦-/ (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) મને પરત કરી શકશે તે મને કબૂલ-મંજૂર છે. સમીક્ષા દરમ્યાન હું જો ઉપરોકત ઠરાવેલ કામગીરી કરવામાં નિષ્ફળ જાઉં તો પણ નિગમ મારું સેન્ટર રદ કરી અન્યને ફાળવી શકશે, જે હું જાણું છું જે મને કબૂલમંજૂર છે.

(7) હું અન્ય કોઈપણ કંપનીના પ્રોડક્ટ્સનું સીધુ વેચાણ કે ઓનલાઈન વેચાણ કરીશ નહિ કે મારી આ કંપની કે અન્ય કંપની ના નામે એજન્સી લઈશ નહિ તેની ખાતરી આપું છું. એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ની કામગીરી સારી રીતે થઇ શકે તે હેતુથી હું મારી નીચે ૧૦૦૦ (એક હજાર) કુટુંબ (કુટુંબદીઠ ૧ વ્યક્તિ) નું રજીસ્ટ્રેશન ૩ માસ માં કરાવીશ અને ૫૦૦ (પાંચસો) કુટુંબ (કુટુંબદીઠ ૧ વ્યક્તિ) નું રજીસ્ટ્રેશન પછીના ૩ માસ માં કરાવીશ અને તે માટે હું બંધનકર્તા છું મને જાણ થયેલ છે કે જો મીનીમમ ૧૫૦૦ રજીસ્ટ્રેશન નહિ થાય તો મારી ટ્રેડ ડીપોઝીટ જપ્ત થશે. આ કામગીરી માટે જરૂર જણાયે મને નિગમ તરફથી જરૂરી મદદ મળી રહેશે, પરંતુ તે મદદ વગર પણ આ જવાબદારી સંપૂર્ણપણે મારે પૂરી કરવાની છે તેની ખાતરી આપું છું.

(8) વડી કચેરીને જ્યારે જ્યારે મારા એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) તરીકેની કામગીરીનો અહેવાલ રજૂ કરવાનો થશે તે નિયમીત સ્વરૂપે રજૂ કરતો રહીશ. નિગમના સેન્ટરો/વડી કચેરીના અધિકારીઓ મારા ઓનલાઇન બિઝનેસ એગ્રીગેટર તરીકે ના કામની ની ચકાસણી કરી શકશે. ચકાસણી દરમ્યાન સ્ટોક, હિસાબો તેમજ દરેક દસ્તાવેજ તપાસી અને તે અંગેનો રિપોર્ટ લઈ શકશે. ઉપરાંત મારા

એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) તરીકે ના કામમાં નિગમનો  જ માલ વેચવામાં આવશે. નિગમ સિવાય અન્ય કોઈ કંપનીનો માલ વેચવામાં આવશે નહીં. જો ચકાસણી દરમ્યાન આવું કંઈ માલુમ પડે તો નિગમ મારું એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) તરીકેની નિમણુક રદ કરી શકશે અને જરૂર જણાયે મારી સામે કાયદેસરની કાર્યવાહી પણ કરી શકશે. નિગમના સેન્ટર/ખેત સેવા અને રસાયણ વિભાગ/વડી કચેરી દ્વારા જ્યારે જ્યારે મીટીંગમાં હાજર રહેવાનું જણાવવામાં આવશે ત્યારે તે દરેક મીટીંગમાં મારા ખર્ચે અચૂક હાજર રહીશ.

(9) નિગમ દ્વારા વેચાણ થતી ચીજો નક્કી (પ્રોડક્ટ) થયેલ ભાવે જ વેચાણ કરીશ. માલની અછતના સમયે વેચાણ ભાવ કરતાં વધુ ભાવ લઈશ નહીં. જો વધુ ભાવ લેતાં પકડાઈશ તો નિગમ મારું એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) તરીકેની નિમણુક રદ કરી બીજાને ફાળવી શકશે તેમજ મારી જમા રહેતી ટ્રેડ ડીપોઝીટની રકમ રૂા. ૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) નિગમ જપ્ત કરી શકશે. આવું કૃત્ય કરતાં પકડાઈશ તો તે અંગેની થતી કાયદેસરની કાર્યવાહી માટે મારી જવાબદારી રહેશે. જો હું રજીસ્ટર મેમ્બરને સેવા બરાબર નહિ આપુ અને ૩ મહિનામાં ૧૦ થી વધુ ફરિયાદ થાય તો નિગમ મારી ટ્રેડ ડિપોઝીટ જપ્ત કરશે. જો કોઈપણ રજીસ્ટર મેમ્બરને ૪ કલાકમાં ઓર્ડરનો રિસ્પોન્સ ન આપુ તો ઑટોમૅટિક બીજા એગ્રીગેટરને એ ઓર્ડર જશે જે મને જાણ થયેલ છે.

(10) એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ની પસંદગીનો  કાર્યાલય હુકમ મળ્યેથી ૯૦ દિવસમાં મારી નીચે ૧૦૦૦ અને પછીના ૯૦ દિવસમાં બીજા ૫૦૦ એમ કુલ ૧૫૦૦ કે તેથી વધુ મેમ્બર બનવાની કામગીરી પૂર્ણ કરી આપીશ એની બાહેંધરી આપું છું. સિક્યોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૩,૦૦,૦૦૦/-  (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) "ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. ગાંધીનગર" ના ડીમાન્ડ ડ્રાફ્ટથી આપવાની રહેશે. આ સિક્યોરીટી ડીપોઝીટની રકમ જ્યારે એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) તરીકેની માન્યતા બંધ/રદ થાય ત્યારે આખરી હિસાબ વખતે નિગમના ચોપડે હું લખી આપનાર સંસ્થા/પેઢી/કંપનીના ખાતામાં બાકી પેમેન્ટ ચૂકવવાનું રહેતું હશે તો તેની સામે તબદીલ કરી શકશે તેમજ વસુલ લઈ શકશે. નિગમના ચાલુ ખાતામાં મારા (સંસ્થા/પેઢી/કંપની) નામે ચૂકવવાના નાણાં બાકી રહેશે તો નિગમ જાતે મારી ડીપોઝીટની વ્યાજ સાથેની રકમ તે ખાતે જમા લઈ શકશે જે માટે મારી સંમતિ છે. સિક્યોરીટી ડીપોઝીટની રકમ કરતાં વધારે રકમનો માલ મને ક્રેડિટ ઉપર આપવામાં આવશે નહીં પરંતુ મર્યાદાથી વધુ માલ જોઈતો હશે તો વધારાના ડીમાન્ડ ડ્રાફ્ટ સામે જ માલ મને ક્રેડિટ ઉપર મળશે જે મને કબૂલમંજૂર છે.

(11) એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) એ ઓનલાઇન મેમ્બર પાસેથી ઓનલાઇન પોર્ટલમા બતાવ્યા મુજબ સમયગાળા પ્રમાણે માલ ડીલીવરી કરી પેમેન્ટ લેવાનુ રહેશે તે એગ્રીગેટરની વ્યક્તિગત જવાબદારી રહેશે. ઓનલાઇન મેમ્બર પાસેથી પેમેન્ટ કલેક્ટ કરવાની નિગમ જવાબદારી સ્વીકારશે નહિ, તેની મને જાણ છે . જો કોઈપણ સંજોગોમાં મને ફાળવેલ એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ની કામગીરી મારા કોઈપણ અંગત કારણોસર સામેથી ૩ માસની નોટીસ આપ્યા સિવાય સ્વૈચ્છિક બંધ કરું તો તેવા સંજોગોમાં પણ ટ્રેડ ડીપોઝીટની જમા રકમ રૂા. ૩,૦૦,૦૦૦-/ (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) જપ્ત થશે તે મને કબુલ-મંજુર અને બંધનકર્તા છે અથવા એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) બન્યાના ૧૫ માસ પહેલા બંધ કરું તો પણ ટ્રેડ ડીપોઝીટની જમા રકમ રૂા. ૩,૦૦,૦૦૦-/ (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા) જપ્ત થશે તે મને કબુલ-મંજુર અને બંધનકર્તા છે.

(12) હું સંસ્થા/પેઢી/કંપનીનુ આકસ્મિક અવસાન થાય તો આવા સંજોગોમાં, મારા એજન્સી લેવા માટેના ફોર્મ માં દર્શાવેલ નામ વાળી નોમીની વ્યક્તિને આ યોજના નીચેની લાયકાત ધરાવતાં હશે તો એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) બનવાની પરવાનગી આપશે. બીજા કોઈ વારસદારને માન્ય રાખશે નહીં, જે મને બંધનકર્તા છે. જરૂરી લાયકાત ધરાવતા કાયદેસરના વારસદારને એગ્રીગેટર બનવા માટે જે તે સમયે તે સંસ્થા/પેઢી/કંપનીની કૌટુંબિક પરિસ્થિતિ નિગમ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે. જો મારા વારસદાર એગ્રીગેટર બનવા ન ઈચ્છા ધરાવે તો આ સંજોગોમાં મારી નિગમ ખાતે જમા પુરેપુરી ટ્રેડ ડીપોઝીટની રકમ મારા કાયદેસરના પુત્ર/વારસદારને પરત મળશે જે મને કબુલ-મંજુર છે.

(13) નિગમ દ્વારા આ કરાર નીચેના સંજોગોમાં તેમજ નિગમને યોગ્ય લાગે ત્યારે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય રદ કરવામાં આવશે. :-

1) જો એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) નિગમના હિતને નુકશાન થાય તેમ વર્તે તો.

2) કોર્ટ દ્વારા એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) અથવા તો તેના સંસ્થા/પેઢી/કંપનીને નાદાર જાહેર કરવામાં આવે તો.

3) સંસ્થા/પેઢી/કંપની કરારમાં જણાવેલ કોઈપણ નીતિ-નિયમનું ઉલ્લંઘન કરે તો.

4) જો એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) સ્વૈચ્છીક કે અન્ય રીતે નાદાર થાય તો.

5) જો સંસ્થા/પેઢી/કંપની દ્વારા એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ની માલિકી, નિયંત્રણ, બંધારણ કે વ્યવસ્થાપન નિગમની જાણ બહાર બદલવામાં આવે તો.

6) જો સંસ્થા/પેઢી/કંપની એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) નાં કાર્યક્ષેત્ર બહારની કામગીરી કરે તથા નિગમની પ્રવૃત્તિઓ સિવાયની અન્ય કોઇ વેચાણ પ્રવૃત્તિ કરતા માલુમ પડશે તો.

7) સંસ્થા/પેઢી/કંપની, એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) જો કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા માલુમ પડશે તો આ અંગે નિગમ દ્વારા લેવાયેલ નિર્ણય આખરી અને મને બંધનકર્તા રહેશે.

8) નિગમ દ્વારા રદ્ કરવામાં આવેલ એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ને સંસ્થા/પેઢી/કંપનીને કોઈપણ જાતનું નાણાંકીય વળતર ચૂકવવાની નિગમની જવાબદારી રહેશે નહીં. જે તમામ શરતો મને માન્ય છે. નિગમ દ્વારા સંસ્થા/પેઢી/કંપની સામે કરવાની થતી કાનુની કાર્યવાહીમાં કુદરતી ન્યાયને આધીન રહી સંસ્થા/પેઢી/કંપની ને પૂરતી તક આપવામાં આવશે.

(14) અન્ય એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) સાથે ધંધાકીય કોઈ બાબતે ઝઘડો ઉભો થશે તો તેમાં નિગમ જે નિર્ણય લેશે તે મને માન્ય રહેશે. આ કરારની શરતોના પાલન અંગે નિગમ સાથે કોઈપણ જાતના મતભેદ પડે તો તેનો નિકાલ નિગમના મેનેજિંગ ડાયરેકટરશ્રી અગર તેમણે નિયુકત કરેલ લવાદ મારફતે કરવાનો રહેશે. તેઓ જે નિર્ણય આપશે તે આખરી રહેશે અને તે બન્ને પક્ષોને બંધનકર્તા રહેશે.

(15) સંસ્થા/પેઢી/કંપની ને એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) હંગામી ધોરણે ફાળવવામાં આવેલ છે. નિગમ દ્વારા સમયાંતરે સમીક્ષા કરાયા બાદ યોગ્ય લાગે તો એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) કાર્યરત રાખી શકશે.

(16) નિગમ વખતોવખત નક્કી કરેલ એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) બનવાની યોજના અન્વયે નીતિ નિયમો વિષયક ફેરફારો કરે, ફર્ટીલાઇઝર તથા અન્ય વસ્તુઓ માટે જે અઠવાડીક કે માસિક લક્ષ્યાંકો આપશે તે મને કબૂલ-મંજૂર અને બંધનકર્તા રહેશે. કૃષિ સામગ્રીના કાયદાઓમાં વખતો વખત કરવામાં આવતા ફેરફાર અન્વયે અથવા વખતો વખતની સરકારશ્રીના કોઇપણ વિભાગની સૂચનાઓ અન્વયે નો અમલ અચુક કરવાનો રહેશે.

(17) નિગમે નક્કી કરેલ નીતિ-નિયમો/શરતો મેં સભાનપણે, શુદ્ધબુદ્ધિપૂર્વક, બીનકેફિયત હાલતમાં શેહશરમ વગર કોઈ પણ જાતના દબાણ વિના વાંચી, સમજી, રાજી-ખુશીથી સ્વીકારી સહી-સિક્કા કરી આપેલ છે, જે મને અને મારા વાલી વારસદારોને બંધનકર્તા છે. ઓનલાઇન બિઝનેસ એગ્રીગેટર બનાવા અંગેના તમામ હક્કો નિગમ હસ્તક અબાધિત છે જે મને કબુલ-મંજુર અને બંધનકર્તા છે.

(18) એગ્રીગેટર (ઓનલાઇન ડીલર) ને કોઈપણ કારણ આપ્યા સિવાય નિગમ રદ્ કરી શકશે તેના તમામ હક્કો નિગમ હસ્તક અબાધિત રહેશે.

મેં ઉપરની શરતો વાંચેલ છે અને મને કબુલ મંજુર છે અને એ સ્વીકારવાની શરતે મેં આ અરજી કરેલ છે.

તા. ............................

ઑથોરાઈઝ્ડ વ્યક્તિનું નામ : ..................................

પ્રોપરાઇટ/પેઢી/સંસ્થાનું નામ: ...............................
પ્રોપરાઇટ/પેઢી/સંસ્થાનો સિક્કો :

બિડાણ :

(૧) કંપની/પેઢી/સંસ્થા રજીસ્ટ્રેશન નંબર. (૨) કંપની/પેઢી/સંસ્થા નું પાન કાર્ડ. (૩) પ્રોપરાઇટ/પેઢી/સંસ્થાનું સરનામું.
(૪) છેલ્લા બે વર્ષના આઇ.ટી રીટર્ન. (૫) જી.એસ.ટી. સર્ટીફીકેટ. (૬) ઓથો. વ્યક્તિનો આધાર નંબર
(૭) કંપની/પેઢી/સંસ્થા ના બેંક એકાઉન્ટનો કેન્સલ કરેલ ચેક.